# ઝાલાવાડ જૈન દર્શન

(ZALAWAD JAIN DARSHAN) - PRGI NO. MAHBIL/2021/80571

Vol. No. 6 ❖ Issue : 04 ❖ Pages : 36 ❖ October-2026 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-




શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ-મુંબઈ સંચાલિત તથા
સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત

## શ્રી આદીનાથ આરાધના ધામ (યાત્રિક ભવન)- પાલીતાણા
## શ્રી મહાવીરસ્વામી ભગવાન ના જન્મવાંચન ની તસ્વીરી ઝલક



લાભાર્થી પરિવાર શ્રીમતી જ્યોતીબેન શાહ, શ્રીમતી કિરણબેન કોઠારી, શ્રીમતી હર્ષાબેન શાહ.



ગુરૂ ભગવંત શ્રી જન્મવાંચન ફરમાવે છે.



પ્રભુજી નું પારણું ઝુલાવતા સ.ગૌ. શ્રી અરવીંદભાઈ શાહ



પ્રભુજી નું પારણું મસ્તક પર શ્રીમતી ભામીનીબેન સ.ર. શ્રી દિલીપભાઈ, શ્રી કુમારભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી હેમેન્દ્રભાઈ, શ્રી વિક્રમભાઈ, શ્રીમતી દીનાબેન,

# શ્રી આદીનાથ આરાધના ધામ (યાત્રિક ભવન)- પાલીતાણા
## શ્રી મહાવીરસ્વામી ભગવાન ના જન્મવાંચન ની  તસ્વીરી ઝલક



પ્રભુજી નું પારણું ઝુલાવતા શ્રી દિપકભાઈ,
શ્રી મુકેશભાઈ, શ્રીમતી જસ્મીના, શ્રી અતુલભાઈ



સુપન શ્રીચંદ્ર સાથે શ્રીમતી ભામીનીબેન



શ્રીમતી ભામીનીબેન, સ.ર. શ્રી દિલીપભાઈ,
મસ્તક પર સુપન શ્રીચંદ્ર સાથે



મસ્તક પર સુપન સાથે
શ્રી વીણાબેન યશવંતભાઈ કોઠારી



સુપન સાથે શ્રમતી હર્ષાબેન મનિષભાઈ, શ્રી વિક્રમભાઈ
તથા અન્ય બહેનો



સુપન સાથે શ્રમતી હેમાબેન
દિપકભાઈ ગાંધી પરિવાર સભ્ય સાથે



શ્રી ચેતનભાઈ શ્રીમતી હેતલ
મસ્તક પર શ્રી સૂર્ય સુપનસાથે



દીક્ષાર્થી શ્રાવક-શ્રાવીકા સાથે શ્રી મનિષભાઈ,
સ.ર. શ્રી દિલીપભાઈ, શ્રીમતી ભામીનીબેન, શ્રી શૈલેષભાઈ,



મસ્તક પર શ્રી સુપનસાથે
શ્રીમતી પ્રીતીબેન વિક્રમભાઈ શાહ



શ્રી નિતીનભાઈ પરિખ
શ્રી કળશ સુપનસાથે



શ્રી લક્ષ્મીજી સુપન સાથે
શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ શાહ



શ્રી સુપન સાથે
શ્રીમતી અને શ્રી પ્રમોદભાઈ વોરા



શ્રી સુપન સાથે શ્રીમતી



શ્રી સુપન સાથે
શ્રીમતી અંજનાબેન પરીખ

# શ્રી આદીનાથ આરાધના ધામ (યાત્રિક ભવન)– પાલીતાણા
## શ્રી મહાવીરસ્વામી ભગવાન ના જન્મવાંચન ની તસ્વીરી ઝલક


શ્રી પ્રભુજીની આરતી ઉતારતા શ્રી અતુલભાઈ પરીખ, શ્રી કુમારભાઈ, શ્રી વિપુલભાઈ, શ્રી નિષીતભાઈ


પારણા પ્રસંગે ચેરમેન ટ્રસ્ટીશ્રી તથા આરધક ભાઈઓ – બહેનો


પ્રભુજી ની ભક્તિ ભાવના પ્રસંગે તથા આરધક ભાઈઓ – બહેનો


પ્રભુજી ના જન્મ વાંચન પ્રસંગે શ્રી ગુરૂદેવ તથા આરધક ભાઈઓ – બહેનો


પ્રભુજી ની ભક્તિ કરવતા શ્રીમતી હેમાબેન ગાંધી શ્રીમતી વર્ષાબેન, શ્રીમતી બીનાબેન


પ્રભુજી ના ધોણીયા પારણા


દીક્ષાર્થી શ્રાવક–શ્રાવીકા સાથે આરાધક ભાઈઓ – બહેનો


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

યુનીક જવેલર્સ ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જવેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦–૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંદા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# ઝાલાવાડનું ગૌરવ
## સંયમના માર્ગે પ્રયાણ કરતા મુમુક્ષુ રત્ન શ્રી પ્રિતેશભાઈ (ઉ.વ.- ૩૨)
## વિંછીયા નિવાસી હાલ-મલાડ (વેસ્ટ)
## માતુશ્રી રત્નકુક્ષી વસુમતીબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ



અનંતજ્ઞાની શ્રી ચતુર્વિધ તીર્થંકર ભગવંતો જે શ્રી સંઘને નમસ્કાર કરે છે, એવા શ્રમણ પ્રધાન શ્રી સંઘમાં સ્થાન પામનારા મહાનુભાવો કાં તો પરમાત્મા કથિત શ્રી શ્રમણધર્મનાં આરાધક હોય છે અને કાં તો શ્રમણધર્મનાં ઉપાસક હોય છે. ''સર્વ સંઘનાં ત્યાગપૂર્વકનું અને પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ધરાવતું શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટેનો એકમાત્ર ઉપાય આ શ્રી શ્રમણધર્મને આરાધવાનો જ છે.'' પૂર્વ કર્મનાં યોગે દુઃખમય એવા સંસારમાં વસવા છતાં ધીમે-ધીમે એ સંસારનાં એક-એક બંધનને તોડી શ્રમણધર્મની ઉપાસના કરતાં કરતાં એ જ શ્રમણધર્મની આરાધના સુધી પહોંચી દુર્લભ એવા મનુષ્યજન્મને સફળ કરનારા **'મુમુક્ષુરત્ન શ્રી પ્રિતેશભાઈ '** આપ અમારા ઝાલાવાડ સમાજનાં સૌભાગ્યરૂપ છો.

અનાદિકાળનાં અવળા પુરુષાર્થને નિષ્ફળ કરનારો આપનો આ જન્મનો પુરુષાર્થ સફળતાને વરવા જઈ રહ્યો છે. આચાર-વિચાર અને પરિણતિથી ઉજ્જવળ એવા શ્રી ભુવનભાનુ સુરિનાં સમુદાયમાં દીક્ષિત બનવાનું પરમ સૌભાગ્ય આપ પામી રહ્યા છો. સ્વાધ્યાય પ્રેમી વૈયાવચ્ચ પ્રેમી, **કાર્યકુશળ પ.પૂ. પન્યાસ શ્રી નંદીભૂષણ વિજયજી મ.સા.** (૫૬ વર્ષ દીક્ષા પર્યાય કાકા મ.સા.)ની છત્રછાયામાં સાંનિધ્ય પ્રાપ્ત કરવાને આપ ભાગ્યશાળી બન્યા છો. આપનું જીવન અંતર્મુખ બની રહે, આપ શુધ્ધ ચરિત્રની સાધના કરનારા બની, સર્વ દુઃખ અને સર્વ કર્મનો ક્ષય કરી, વહેલામાં વહેલા મુક્તિને વરનારા બનો એવી મંગલ શુભકામનાઓ.

સંયમના માર્ગે પ્રયાણ કરનાર આપશ્રી ખૂબજ આગળ વધો. કુટુંબ-વતન અને ઝાલાવાડ સમાજનું ગૌરવ વધારેલ છે. સંયમજીવનમાં પ્રગતી કરી જૈનધર્મના શાસનની રક્ષા સાથે વધારે જાગૃતી લાવો એવી અભિલાષા. કઠોર સાધુજીવનના માર્ગમાં અરિહંત પરમાત્મા અથાગ શક્તિ અર્પે. **શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજૈન શ્વે.મૂ.પૂ.સંઘ**ના ઉપાશ્રયમાં સંસાર ત્યાગ કરી સંયમ જીવનનો પ્રારંભ કરશો

**વિ.સં. ૨૦૮૩, મહા સુદ-૯, સોમવાર તા. ૧૫-૦૨-૨૦૨૭** ના રોજ સંયમના માર્ગે પ્રયાણ કરી સંયમ પ્રદાતા **ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રાજેન્દ્રસુરિશ્વરજી મહારાજા, રાજપ્રતિબોધક આચાર્યદેવ પદ્મશ્રી રત્નસુંદર સુરિશ્વરજી** આદી સુરિ - મુની વૃંદ ની પાવન નિશ્રામાં દિક્ષા ગ્રહણ કરશે. કુળ-કુટુંબ-ગામ અને સમાજનું નામ રોશન કરેલ છે. આવા **શ્રી પ્રિતેશભાઈ** અનેક તીર્થોની યાત્રાથી દર્શન શુધ્ધી નિરંતર જ્ઞાનનાભ્યાસથી સ્વાત્મશુદ્ધિને પામેલા



પ્રવજ્યા મૂર્હૂત પ્રસંગે ઉપસ્થીત સંઘ, ફાઉન્ડેશન અને ઝેડ.બી.એફ., મલાડ મંડળ ના પદાધીકારીઓ અને કમિટિ સભ્યો

સાધુ-સાધ્વી વૈયાવચ્ચ પ્રેમી શાસન સેવક **મુમુક્ષુ શ્રી પ્રિતેશભાઈ, પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી નંદીભૂષણમ.સા.** ના શિષ્ય રત્ન બની ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરશે. સંસાર અસાર છે ની દૃઢમાન્યતાથી દર્શન સુધી ભૌતિક પદાર્થોની નશ્વરતા ને જાણી જ્ઞાનવૃધ્ધિ ને કરતા 'સાંસારિક સંબંધોની મમતા છોડીને ચારિત્રચારમાં અભિવૃદ્ધિને પામી પોતાના જીવનને સંયમ માર્ગે પ્રયાણ કરશે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-મુંબઈ તા. ૨૭-૦૯-૨૦૨૬ રવિવાર ના રોજ દામોદર વાડી મુકામે સન્માન પત્ર આપી ઉચીત બહુમાન કરેલ હતું.**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ -મુંબઈ**
-: ચેરમેન એપેક્ષ :-
સમાજરત્ન શ્રી દિલીપભાઇ ખીમચંદ શાહ
-: પ્રમુખ :-
શ્રી મહેન્દ્રભાઇ ચીમનલાલ શાહ
-: ઉપપ્રમુખ :-
શ્રી મુકેશભાઇ ઉત્તમચંદ શાહ
શ્રી કિરણભાઇ કાંતીલાલ શાહ
-: મંત્રી :-
શ્રી ગીરીશભાઇ કાંતીલાલ શાહ
શ્રી નિલેશભાઇ અનોપચંદભાઇ શાહ
શ્રી મિતેશભાઇ સુભાષભાઇ શાહ
-: સહમંત્રી :-
શ્રી રૂપેશભાઇ ચંદ્રકાંતભાઇ શાહ
-: ખજાનચી :-
શ્રી કેતનભાઇ કનૈયાલાલ શાહ
-: સહ ખજાનચી :-
શ્રી કમલેશભાઇ જયંતભાઇ શાહ
-: પી.આર.ઓ. ટુ હોદ્દેદાર - કારો.કમીટી :-
શ્રી શૈલેષભાઇ વીરચંદ શાહ
-: ટ્રસ્ટીશ્રીઓ :-
સમાજગૌરવ શ્રી અરવિંદભાઇ કાંતીલાલ શાહ
શ્રી સંજયભાઇ ભાઇલાલ શાહ
શ્રી કુમારભાઇ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઇ હરીલાલ શાહ
શ્રી બિપીનભાઇ રતીલાલ વોરા
શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઇ વૃજલાલ શાહ
-: પી.આર.ઓ. ટુ ટ્રસ્ટી :-
શ્રી દિપકભાઇ ગુલાબચંદ ગાંધી
તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ

રજી. ઓફીસ
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

વહીવટી ઓફીસ : ન્યુ ઈંડિયા હાઈટ્સ,
૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે,
ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ),
મુંબઈ - ૪૦૦૦૬૯
કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦
મો. : ૯૧૩૭૩૪૨૮૧૮
ડીજીટલ ઝાલાવાડ : ૯૦૭૬૩૪૨૮૧૮
ઝાલા.જૈન સગપણ સેતુ : ૯૮૧૯૩૪૨૮૧૮

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહ . લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહ તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મુલ્ય રૂા.૩/-
Email :
zalawadjainsangh@gmail.com
Website :
www.zalawadjainsangh.org

-: મુદ્રક :-
ભાવિન શરદભાઈ ગાંધી
રાજેશ પ્રિન્ટરી, મુંબઈ - ૪૦૦ ૦૧૧
મો : ૯૮૬૭૫૪૦૫૨૪

(તંત્રી સ્થાનેથી....)

## પર્યુષણ-પર્વ પછી

પર્વાધિરાજના દિવસો આવ્યા અને ગયા. પ્રમાદ ત્યજીને આરાધના કરી તેટલી જીવનની અને શક્તિની સફળતા થઈ. દેહને કસવા તપ કર્યાં, ધનની મમતા મૂકવા દાન કર્યાં, પ્રભુભક્તિમાં, ઉત્સવમાં ધન સદ્‌વ્યય કર્યો, અને આત્મસાધના માટે બનતું કર્યું. સઘળા જીવોને હું ખમાવું છું, સર્વ જીવો મને ખમો એ ભાવના વડે વેરઝેર ટાળવા હવે ફરીથી કોઈની સાથે વેર ન થાય એવું જીવન જિવાય તો ખામણાનું સાચું ફળ મળે. હવેના જીવનમાં ધર્મ બહુ સાંભરે, સંસારના કામને મૂકીને પણ ધર્મના કામ કરવાનું દિલ રહે. ભગવંતની આજ્ઞા પ્રમાણે જ જીવવાની અભિલાષા રહે. સાધુપણું લેવાની ઈચ્છા મનમાં પ્રબળ રહે. આ ભવમાં ગમે તેમ થાય તોપણ મરવું છે, તો સાધુના જીવન સહિત મુનિના વેશમાં જ એ ભાવના હૈયામાં સતત રાખીને શ્રાવક જીવનનાં વ્રતો, નિયમો વધારેમાં વધારે કરવા તત્પર રહેવું. આઠ દિવસ પછી ધર્મના સ્થાન મૂક્યા પછી હવે આવતા વરસે સંભારશું એવું સમજદાર વિચારે, બોલે કે કરે નહિ. ધર્મ સતત કરવા જેવો છે. ધર્મ વિના એક દિવસ જાય તો કરોડોનાં નુકસાન કરતાં વધારે દુ:ખ થાય. ખાધાપીધા વિના, મોજશોખ , એશારામ વિના ચાલે, પણ ધર્મ વિના એક દિવસ પણ ન ચાલે. સંસારનાં સુખ ખોટાં છે, નાશવંત છે, એ આવે જાય, એમાં મને કાંઈ મૂંઝવણ નથી.

આ બધું મૂકીને ગમે ત્યારે જવું પડે તો હું તૈયાર જ છું, કારણકે અનંત ઉપકારી અરિહંત, પરમાત્મા મારા હૈયામાં, હાજરાહજૂર છે. એથી હું સદા નિર્ભય છું. આવા વિચારના બળને વધારી બનતી ધર્મક્રિયા કરતા રહે અને મોક્ષની જ ઈચ્છા રાખે તેને બારેમાસ ધર્મ પાસે રહેએથી સદા શાંતિ રહે.

પ.પુ.આ.ભ.શ્રી માનતુંગસુરિશ્વરજી મ.સા.ના પત્રો ના સંગ્રહમાંથી સાભાર.
ભાદરવા શુદ-૧૧, સોમવાર, ૧૯૬૫

**મુકેશ યુ. શાહ**

## શું વાંચશો ? આ અંકમાં.....

❖ તપસ્વી બહુમાન કાયમી દાતા શ્રી અને દીવાળી સાધર્મિક કીટ ના દાતાઓનું બહુમાન ફોટા, અહેવાલ ❖ અન્ય ભેટ
❖ ચાતુર્માસ, પર્યુષણ, શ્રી મહાવીર જન્મ વાંચન ૧૪ સુપન ના ફોટા અહેવાલ ❖ સાયલા મહાજન પાંજરાપોળ ❖ શ્રદ્ધાંજલી
❖ મુમુક્ષુ શ્રી પ્રિતેશકુમાર ફોટા અહેવાલ ❖ સગપણ બાયાડેટા
❖ પરામંડળ કાર્યક્રમો ની જાણકારી ❖ લગ્ન દિવસ ❖ જન્મ દિવસ.
❖ પરામંડળ, મહીલા મંડળ અહેવાલ ❖ શુભ વેવિશાળ
❖ શ્રી બટુકભાઈ પોપટલાલ શાહ મુલુંડ અહેવાલ
❖ ધ્વજારોહણ ઉછામણી ફોટા અહેવાલ ❖ વ્હાલા ની વસમી વિદાય
❖ ઝેડ.બી.એફ. ઓલમ્પીક વિષે જાણકારી

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ.મંડળ-અંધેરી

શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ - અંધેરી ની વાર્ષિક સામાન્ય સભા ૨૩/૦૮/૨૦૨૬ - રવિવારે સવારે ૦૯:૩૦ વાગ્યે Terrace (અગાશી),૧૨મા મળે, શિવકૃપા - એચ, જૂના નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ ખાતે બોલાવવામાં આવી હતી.

સૌ પ્રથમ નમસ્કાર મહામંત્રનું સામૂહિક પઠન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી શ્રી મહેન્દ્રભાઈ સી. શાહે સભાનું અધ્યક્ષ પદ સંભાળ્યું હતું . તેમણે હાજર તમામ સભ્યોનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ આગળની પ્રક્રિયા મંડળ ના સેક્રેટરી શ્રી દર્શનભાઈ વી. શાહે સંભાળતા ગયા વર્ષની વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ વાંચી હતી, જે એકમતથી પસાર કરવામાં આવી હતી અને પ્રમુખશ્રી દ્વારા સહિ કરવામાં આવી હતી.

ત્યારબાદ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ દ્વારા વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો. એહેવાલ આપતા તેમણે જણાવ્યું કે ગત વર્ષ દરમિયાન મંડળ દ્વારા ૪૮ કલ્યાણક યાત્રા પ્રવાસ, સ્ટેન્ડ-અપ કોમેડિયન શ્રી નૌશાદ કોટડિયા સાથે વાર્ષિક ગેટ-ટુ-ગેધરનું આયોજન કરવામાં આવ્યું હતું તથા શ્રી દીપકભાઈ ગાંધી ને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, દિવાળી દરમિયાન ૬ જરૂરિયાતમંદ પરિવારોને સહાય કરવામાં આવી હતી તેમજ ગુજરાતી ફિલ્મનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન મંડળ દ્વારા હાથ ધરવામાં આવેલી તમામ પ્રવૃત્તિઓમાં ટ્રસ્ટીઓ, સભ્યો તથા કમિટી સભ્યો તરફથી મળેલા સહકાર બદલ તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો અને આભાર વ્યક્ત કર્યો હતો.

આગળ તેમણે સભ્યોને જાણ કરી કે આગામી વાર્ષિક કાર્યક્રમ ૧૦ જાન્યુઆરી ૨૦૨૭ના રોજ વિદ્યાનિધિ હોલ ખાતે યોજવામાં આવશે. તેમજ તલાશ-૪ કાર્યક્રમમાં અંધેરી મંડળના સહભાગીઓ માટે અડધો કલાકનો સમય ફાળવવાનું સૂચન કર્યું હેતુ.

ત્યારબાદ વર્ષ ૨૦૨૫-૨૬ ના વાર્ષિક નાણાકીય હિસાબો સહ ખજાનચી શ્રી અજીતભાઈ બગડિયા દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. હિસાબોથી સંતોષ વ્યક્ત થયા બાદ શ્રી અતુલભાઈ પરીખ દ્વારા તેને મંજૂરી માટે પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા અને શ્રી હરીશભાઈ શાહ દ્વારા તેને સમર્થન આપવામાં આવ્યું હતું અને હિસાબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.સભ્યોએ યોગ્ય હિસાબો જાળવવા બદલ ખજાનચી તથા સહ ખજાનચીનો તેમજ M/s Mansi Joshi & Co., Chartered Accountants ના CA Mansi Joshi નો તેમના કાર્ય અને સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ FY ૨૦૨૬-૨૭ માટે M/s Mansi Joshi & Co., Chartered Accountants ને ઓડિટર તરીકે ચાલુ રાખવા અંગે ચર્ચા કરવામાં આવી અને તે અંગે સંમતિ આપવામાં આવી હતી. ઓડિટરના મહેનતાણા નક્કી કરવાની સત્તા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ ને આપવામાં આવી હતી.

ત્યારબાદ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ એ નજીકના સ્થળે એક રાત્રિની ચૈત્ય પરિપાટીનું આયોજન કરવા નું સૂચન આપ્યું હતું. આ કાર્ય શ્રી નિશીથભાઈ શાહ અને શ્રી નિતિનભાઈ પરીખ ને સોંપવામાં આવ્યું અને આગામી મેનેજિંગ કમિટી મીટિંગમાં તેના માટેના સૂચનો રજૂ કરવા જણાવાયું હતું.

અન્ય કોઈ મુદ્દા પર ચર્ચા કરવાની બાકી ન હોવાથી, સેક્રેટરી શ્રી દર્શનભાઈ વી શાહે મીટિંગમાં ઉપસ્થિત રહેલા તમામ કમિટી સભ્યોનો આભાર માન્યો હતો, અને ખાસ કરીને શ્રી ચિરાગભાઈ શાહ નો તેમના ૧૨મા માળના ટેરેસનો ઉપયોગ કરવાની મંજૂરી આપી AGM માટે સુંદર સ્થળ ઉપલબ્ધ કરાવવા બદલ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

AGM ની શરૂઆત પહેલાં મંડળ દ્વારા અંધેરીમાંથી તલાશ-૪ માં ભાગ લેનાર તમામ સ્પર્ધકો માટે એક નાનકડા ગેટ-ટુ-ગેધરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પરિચય તથા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

તલાશ-૪ માં વ્યક્તિગત સ્પર્ધામાં બે વિજેતાઓ, ગ્રુપ સ્પર્ધામાં એક વિજેતા તેમજ મંડળે 2nd Runner-up નું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સેક્રેટરી શ્રી દર્શનભાઈ વી. શાહે તમામ સ્પર્ધકોનું સ્વાગત કર્યું હતું અને તમામ વિજેતાઓ, કોઓર્ડિનેટર્સ તથા સ્પોન્સર્સને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સી. શાહે પોતાના સંબોધનમાં તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા અને વધુમાં વધુ સભ્યોને આવી સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

ટ્રસ્ટી શ્રી કિરણભાઈ શાહે પણ પોતાના સંબોધનમાં જણાવ્યું કે વધારેમાં વધારે સભ્યોએ આવા પ્લેટફોર્મનો ઉપયોગ તેમનામાં છુપાયેલી રહેલી પ્રતિભાને સમાજ સમક્ષ રજૂ કરવા માટે કરવો જોઈએ.આ પછી મંડળના કમિટી સભ્યો સાથે સૌને નાસ્તા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મહિલા મંડળ-પારલા

આપણા મંડળ નો ગત પોગ્રામ ૨૦/૭/૨૦૨૬ સોમવાર ના ગાંધી રોડ, પાર્લા વેસ્ટ માં રાખેલ. ચોમાસુ નજીક આવે અને આપણને દરેક ને દિલ થી થાય કે હવે આપણે પુણ્ય નુ ભાથુ બાંધવાની સીઝન આવી ગઈ છે.મંડળ ની ઘણી બહેનો પુણ્ય નુ ઉપાર્જન કરવા પાલીતાણા ચોમાસુ કરવા જાય છે. તેથી આપણે એ સમય પહેલા જ સામાયિક નુ આયોજન કરીએ છીએ. આવા મંગલમય સામાયિક કરાવનાર પુણ્યશાલી શ્રીમતી કલ્પના બેન પ્રકાશ ભાઈ શાહ એ ખૂબ જ ઉત્કૃષ્ટભાવ થી લાભ લઈને દરેક ને

સમૂહ સામાયિક નો લાભ આપ્યો. આવા પુણ્યા નુ બંધી પુણ્ય ના મંગલમય સમય ને વધાવતા શ્રીમતી.જયોતિબેન બાવીશી નવકાર મંત્ર નુ સ્મરણ કરીને મંગલ ચરણ કર્યું.પર્યુષણ બાદ આપણું મંડળ આદોની, કુલપાકજી,ૐકારજી તીર્થ, વિજયવાડા, હૈદરાબાદ, નવગ્રહ તીર્થ, આંધ્રપ્રદેશ ની પંચ તીર્થિ, માટે યાત્રા એ જઈ રહયા છે એની માહિતી આપી ને બહેનોને યાત્રા માટે પ્રેરણા આપી.

આપણા પ્રમુખ શ્રીમતી જયોતિબેન શાહે આજના દાતા શ્રીમતી કલ્પના બેન ની ઉત્કૃષ્ટ ભાવનાને બિરદાવતા તેમને બહુમાન માટે આમંત્રણ આપ્યુ.કલ્પના બેન સાથે એમના પુત્રવધુ શ્રમતી રચનાબેન ચિંતનભાઈ શાહ એમને પણ અનાયસે સરસ લાભ મલી ગયો.જેઓ ઑસ્ટ્રેલિયા થી આવેલ.બંને સાસુ વહુ નુ બહુમાન પ્રમુખ શ્રીમતી જયોતિબેન શાહ તથા દરેક કમીટી મેમ્બર્સ ખુબ જ ઉત્સાહ પુર્વક અનુમોદના કરતા કર્યું.

સામાયિક ની શરૂઆત માં શ્રીમતી જયોતિબેન બાવીશી એ કરુણા નિધાન પરમકૃપાળું શ્રી સુમતિનાથ ભગવાની પ્રતિમા પધરાવી,મંત્રોચ્ચાર સાથે વિધાન ચાલુ કર્યુ. શ્રી કલ્પના બેન અને રચનાબેન પરમાત્મા ની આજુ બાજુ બેસીને વાસક્ષેપ પુજા કરાવતા ૧૦૮ મંત્રોચ્ચાર સાથે પુજા કરી.દરેક ૨૭ મંત્રોચ્ચાર બાદ ભકિત ગીત ગાઈને ભકિત મા બધા લીન બન્યા.ખૂબજ શાંત અને ઉર્જામય વાતાવરણ મા પુજા પૂર્ણકરી પ.પૂ. પ્રભાવશાળી શ્રી સિધ્ધીસુરીશ્વર દાદાજી ના સતાવીસા નું પઠન કરાવ્યુ.શ્રીમતી રશ્મિકા પરીખે પાંચ સ્મરણ કરાવ્યુ.બધા ભકિત મા ભીંજાયા.

સ્વાદિષ્ટ નાસ્તો અને શેરડી નો અમુલ્ય રસ ની અમુલ્ય ભકિત તેમજ સામાયિક નો ઉત્કૃષ્ટ લાભ લેવા બદલ મંડળ શ્રીમતી કલ્પના બેન અને શ્રીમતી રચનાબેન ની અનુમોદના કરતા ખુબ ખુબ આભાર માને છે...

શ્રીમતી કલ્પનાબેને પણ શ્રીમતી જયોતિબેન બાવીશી એ સુંદર ૧૦૮ પૂજા નું વિધાન જાપ સહિત કરાવી તેમજ ગુરુ ભકિત કરાવી ભકિત મા લીન બનાવ્યા તે બદલ તેમનો આભાર સહ અનુમોદના કરી તથા પ્રમુખ શ્રીમતી જયોતિબેને સામુહિક સામાયિક નો લાભ આપ્યો તે બદલ પ્રમુખ તથા મંડળ ના દરેક બહેનો નો ખુબ ખુબ આભાર માન્યો.

આજની ઉત્કૃષ્ટસામાયિક માં મંડળ લાભાર્થી તેમજ દરેક મેમ્બર્સ ના મળી ને કુલ રૂ.૩૦૦/- પ્રભાવના કરેલ બહેનોએ પ્રભાવના મા જેને લાભ લીધો છે. તેની યાદી આવતા પ્રોગ્રામ સાથે હવે પછીની પત્રીકા માં આવશે..

મંડળ વતી મંડળ ના સેકેટરી શ્રીમતી જયોતિબેન બાવીશી
વિલેપાર્લા મહિલા મંડળ વતી દરેક બહેનોનો આભાર માનેલ હતો,

ગઢડા હાલ બોરીવલી શ્રી વિજયભાઈ અરવિંદભાઈ બગડીયા,
ના સુપુત્ર ચિ. જીમીત અને મણુંદ હાલ બોરીવલી
શ્રી પંકજભાઈ જયકુમાર શાહ, ની સુપુત્રી ચિ. ધ્રુવી
ના શુભ વેવિશાળ નિમિત્તે બન્ને પક્ષનાં રૂ.૨૦૦/-મુજબ
કુલ રૂ. ૪૦૦/- શ્રીસંઘને ભેટ મળેલ છે.

## *** પરની પરવા ***

ઉપણે બહુધા આપણા પરિવાર અને સગાં-આ વહાલાંની જ પરવા કરીએ છીએ. તેઓની સાથે જ આપણો વહેવાર વધુ હોય છે. સુખ કે દુઃખની ઘડીમાં આપણે આપણા પરિવાર અને સર્ગો-વહાલાંઓને યાદ કરીએ છીએ. આ સિવાય આપણા પાડોશીઓ, મિત્રો અને સમાજને પર સમજી તેઓની સાથે સંયમિત અને જરૂરી વહેવાર કરીએ છીએ. આપણી સંકુચિત દ્રષ્ટિ અને સ્વાર્થવૃત્તિ આપણને મર્યાદિત કુંડાળામાં બાંધી રાખે છે. આ સિક્કાની એક બાજુ થઈ, પણ સિક્કાની બીજી બાજુ જોતાં બહુધા પાડોશીઓ જ કટોકટી વખતે પડખે ઊભા રહી તન-મન-ધનથી નિઃસ્વાર્થભાવે સાથે-સહકાર આપે છે. મિત્રો કટોકટી વખતે હાજર રહી શક્ય સાથ-સહકાર સાથે આપણને હિંમત-હૂંફ આપે છે. સગાં-વહાલાં બહુધા સ્વાર્થી હોય છે. કટોકટી વખતે પડખે ઊભા રહેવાને બદલે ભૂતકાળની તમામ ઘટનાઓની સૂક્ષ્મ સમીક્ષા કરીને જ સાથ-સહકાર આપે છે. તેઓમાં બહુધા બદલાની ભાવના હોય છે. પરની પરવા કરે એ જ નિઃસ્વાર્થી બનીને શક્ય સાથ-સહકાર, હિંમત-હૂંફ આપી કટોકટી વખતે આપણી સાથે હોય છે. પરની પરવા કરનારમાં ઉપકારની ઉત્તમ ભાવના હોય છે. તેને પ્રસિદ્ધિ નથી ગમતી. તેને જરૂરિયાતમંદને ઉપયોગી થઈ સહકાર આપ્યો તેનો પરમસંતોષ અને આનંદ હોય છે! પર સેવા કરનારની કમાણી પરસેવાની હોય છે! તેથી જ તેની લક્ષ્મી સદાય મહાલક્ષ્મી બનીને તેની સાચી સંપત્તિ બની તેને વિપત્તિથી બચાવે છે!
આપણે સૌ પરની પરવા કરવાની નાની. પણ શુભ શરૂઆત કરીએ !
પરની પરવા કરે છે, તેની પરવા પરમાત્મા કરે જ છે!

## આગામી પરા મંડળ વાર્ષિક કાર્યક્રમોની તારીખ નીચે પ્રમાણે છે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ**
**ઘાટકોપર**
**તા. ૦૬-૧૨-૨૦૨૬**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ**
**સાયન- માટુંગા-દાદર-વડાલા**
**૨૭-૧૨-૨૦૨૬**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ**
**અંધેરી**
**૧૦-૦૧-૨૦૨૭**

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. મંડળ**
**બોરીવલી**
**૧૭-૦૧-૨૦૨૭**

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

## તપસ્વી બહુમાન પ્રસંગે તપની અનુમોદનાર્થે આવેલ પ્રભાવનાની રકમની યાદી

**સંવત ૨૦૮૨ ના ભાદરવા વદ.૧ રવિવાર તા.૨૭/૦૯/૨૦૨૬, સ્થળ : દામોદરવાડી - કાંદીવલી**

માતુશ્રી કુંદનબેન જીતેન્દ્રભાઈ શાહ, સાકરનો પડો નંગ.૧-મલાડ
માતુશ્રી શકરીબેન ચીમનલાલ શાહ ઘડીયાળી પરિવાર
શ્રીફળ સાથે રૂ.૧/- વાલકેશ્વર
રૂ.૧૨/- શ્રીમતી જસ્મીનાબેન કિરણભાઈ શાહ
(ઉપપ્રમુખશ્રી) - અંધેરી

**નીચેના દરેક ના રૂ.૧૦/-મુજબ**

સમાજરત્નશ્રી ચિનુભાઈ હીંમતલાલ શાહ-વાલકેશ્વર
શ્રીમતી ભામીનીબેન દીલીપભાઈ શાહ (સંઘ ચેરમેન એપેક્ષ)-માટુંગા
પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ-અંધેરી
શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ શાહ (ટ્રસ્ટીશ્રી)-બોરીવલી
માતુશ્રી સવિતાબેન વૃજલાલ શાહ (હ. ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ)-
ગોરેગામ
ઉપપ્રમુખશ્રી કિરણભાઈ કાંતીલાલ શાહ (ઉપપ્રમુખશ્રી)-અંધેરી
શ્રીમતી રંજનબેન હર્ષદભાઈ દીપચંદ શાહ-વાલકેશ્વર
શ્રી વિનોદભાઈ તારાચંદ શેઠ (ફાઉન્ડેશન ચેરમેન)-વિલેપાર્લા
માતુશ્રી લીલાવતીબેન હસમુખલાલ શાહ (મિલનભાઈ)-મલાડ
શ્રીમતી જયાબેન પોપટલાલ શાહ (હઃ મુકુંદભાઈ)-મલાડ
શ્રી ભરતભાઈ પોપટલાલ શાહ (હઃ જયોતીબેન)-અંધેરી
માતુશ્રી સરોજબેન વસંતલાલ શાહ-મલાડ
માતુશ્રી સ્વ.પ્રભાવતીબેન પ્રભાકરભાઈ વોરા-સાંતાક્રુઝ

**નીચેના દરેક ના રૂ.૫/-મુજબ**

શ્રીમતી ઇંદુમતીબેન જયંતભાઈ શાહ,
સહખજાનચી કમલેશભાઈ-સાયન
માતુશ્રી લીલાવતીબેન પ્રાણલાલ બગડીયા,
હઃ શ્રી વિપુલભાઈ-કાંદીવલી
શ્રી ગોવનજીભાઈ સાકરચંદ શાહ , હઃજીતેન્દ્રભાઈ શાહ-મલાડ
શ્રી રમણીકભાઈ દીપચંદ વોરા-મલાડ
શ્રીમતી અમીતાબેન કૌશીકભાઈ પરીખ-બોરીવલી
શ્રીમતી હસુમતીબેન પ્રવિણચંદ્ર બગડીયા-મલાડ
શ્રી શૈલેષભાઈ ચંદુલાલ શાહ-ભાયંદર
શ્રી મયુરભાઈ રમણીકલાલ શાહ-કાંદીવલી
શ્રીમતી અંજનાબેન અતુલભાઈ પરીખ-વિલેપાર્લા
શ્રી કાંતિલાલ જીવરાજ માથુકીયા, હઃશ્રી મનીષભાઈ-મલાડ
શ્રી મુગટલાલ માણેકલાલ શાહ-અંધેરી
શ્રીમતી જશુમતીબેન હરીલાલ શાહ, હઃરજનીભાઈ-તારદેવ
શ્રીમતી હીરાબેન હીંમતલાલ શાહ, હઃનલીનભાઈ-વઢવાણ

**નીચેના દરેક ના રૂ.૩/-મુજબ**

શ્રીમતી રંજનબેન જીવરાજભાઈ ધ્રુવ,
હઃ અરૂણાબેન - મૃદુલાબેન-કાંદિવલી
ટ્રસ્ટીશ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ-કાંદિવલી
ટ્રસ્ટીશ્રી કુમારભાઈ નગીનદાસ શાહ-વિલેપાલા
ટ્રસ્ટીશ્રી બીપીનભાઈ રતીલાલ વોરા-ચેંબુર
ટ્રસ્ટીશ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ-માટુંગા
ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ-વિલેપાર્લા
માતુશ્રી વિનોદીબેન કનૈયાલાલ શાહ,હઃ ખજાચી શ્રી કેતનભાઈ-મલાડ
મંત્રીશ્રી ગીરીશભાઈ કાંતીલાલ શાહ- કાંદિવલી
મંત્રીશ્રી નિલેશભાઈ અનોપચંદ શાહ-મલાડ
શ્રીમતી સ્મીતાબેન સુભાષભાઈ પદ્મકાંત શાહ
મંત્રીશ્રી મિતેશભાઈ-મીરારોડ
માતુશ્રી જ્યોત્સનાબેન ચંદ્રકાંતભાઈ શાહ
સહમંત્રીશ્રી રૂપેશભાઈ- ભાયંદર
પી.આર.ઓ. શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી-વિલેપાર્લા
શ્રી મહેન્દ્રભાઈ રસીકલાલ કામદાર-વિલેપાર્લા
શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ-ઘાટકોપર
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ-કાંદીવલી
શ્રી ધીરૂભાઈ રતીલાલ સંઘવી-ચુનાભટ્ટી (સાયન)
શ્રીમતી ચંદ્રીકાબેન હેમેન્દ્રભાઈ વોરા , હઃશ્રી નિશીતભાઇ-મલાડ
શ્રી સમીરભાઇ બાબુલાલ શાહ-કાંદીવલી
શ્રીમતી જયોતીબેન જયપ્રકાશભાઇ દેસાઇ-બોરીવલી
શ્રીમતી ચંદ્રીકાબેન રમેશભાઈ ફકીરચંદ શાહ-સાંતાક્રુઝ
માતુશ્રી ઝવેરીબેન નાનાલાલ શાહ, હઃ કમલેશભાઇ-ડોંબીવલી
શ્રીમતી શૈલાબેન પ્રદિપભાઈ શાહ-બોરીવલી
શ્રી ઉદયભાઈ રતીલાલ મહેતા-બોરીવલી

**નીચેના દરેક ના રૂ. ૨/-મુજબ**

ઉપપ્રમુખશ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ-ભાયંદર
પી.આર.ઓ. શ્રી શૈલેષભાઈ વિરચંદ શાહ-અંધેરી
શ્રી હિંમતલાલ લાલચંદ મઠીયા, હઃ બીપીનભાઈ-મલાડ
શ્રીમતી રસીલાબેન પ્રવિણચંદ્ર કુવાડીયા-મલાડ
શ્રી ભાવિકભાઇ વિનોદરાય શાહ-કાંદિવલી
શ્રી હેમેન્દ્રભાઈ પ્રવિણચંદ્ર જેચંદભાઈ મહેતા-અંધેરી
શ્રી હરીશભાઈ ન્યાલચંદ શાહ-અંધેરી
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રભાઈ કાંતીલાલ શાહ-ભાયંદર
માતુશ્રી બીન્દુબેન હરનીષભાઈ શાહ , હઃ હાર્દીક-કાંદિવલી
માતુશ્રી ગુણવંતીબેન સેવંતીલાલ દોશી-મલાડ
શ્રી નરેન્દ્રભાઈ ડાહ્યાલાલ ઠાકરસી શાહ-સાયન

**નીચેના દરેક ના રૂ.૧/-મુજબ**

માતુશ્રી નીલમબેન મહેન્દ્રકુમાર શાહ-ભાયંદર
શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. પૂજા મંડળ-મલાડ

**રૂ. ૨૦/-મુજબ કવર :**

માતુશ્રી ઈન્દુમતીબેન વૃજલાલ પોપટલાલ બાબરીયા - સાયન

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

નીચે જણાવેલ આજીવન/પેટ્રન સભ્યશ્રી ની પત્રીકા પાછી અવેલ છે. જે તેમના સગા,સબંધી, મિત્રો અને સ્નેહીઓએ તે પરિવારોને જાણકરવી તેમના દરેક સભ્યશ્રીનું નવુ સરનામુ નહી મળે ત્યાંસુધી પત્રીકા મોકલવા માં આવશે નહી. જેની નોધ લેવા વિનંતી. સરનામુ મોકલવા સંપર્ક મો. ૯૧૩૭૩૪૨૮૧૮

## પાછી આવેલ પત્રિકાનું લીસ્ટ જુન-જુલાઈ - ૨૦૨૬

ભુપેન્દ્ર કસ્તુરચંદ શાહ-અંધેરી (વેસ્ટ)
સુરેશ માલેકલાલ પરીખ- બોરીવલી (વેસ્ટ)
કાંતીલાલ ઉજમશી શાહ-નવી મુંબઇ
સંજય કાંતીલાલ શાહ-વિલેપાર્લા (વેસ્ટ)
પંકજ ભાઈલાલ શાહ- અંધેરી (વેસ્ટ)
સુનીલ નગીનદાસ કોઠારી-વિલેપાર્લા (વેસ્ટ)
પ્રીતીબેન નંદલાલ શાહ-સાયન (ઇસ્ટ)

## પાછી આવેલ પત્રિકાનું લીસ્ટ ઓગષ્ટ - ૨૦૨૬

પરાગ મહેન્દ્રભાઈ શાહ મુલુંડ (વેસ્ટ)
મયુર મહેન્દ્ર શાહ -બોરીવલી (ઈસ્ટ)
મનોજ ચીમનલાલ મહેતા -વિલેપાર્લા (ઇસ્ટ)
સુરેશચંદ્ર શાહ -કેમ્પસ કોર્નર
જીતેન્દ્ર રમણીકલાલ વોરા -અંધેરી (વેસ્ટ)
ભુપેન્દ્ર કસ્તુરચંદ શાહ અંધેરી (વેસ્ટ)
પ્રિતીબેન નંદલાલ શાહ -સાયન (ઈસ્ટ)
હર્નીષભાઇ કાંતીલાલ શાહ-વિલેપાર્લા (વેસ્ટ)
પ્રફુલ ચુનીલાલ શાહ -કાંદિવલી (વેસ્ટ)
હર્ષદ જયંતીલાલ શાહ -ઘાટકોપર (ઇસ્ટ)
સંદિપ હસમુખલાલ શાહ-વિક્રોલી (ઇસ્ટ)
પ્રકાશ હિંમતલાલ પરીખ-ડોંબીવલી (ઇસ્ટ)
ઉપેન્દ્ર ધીરજલાલ શાહ -કાંદિવલી (વેસ્ટ)
રાકેશ છોટાલાલ વોરા -ડોંબીવલી (ઇસ્ટ)
નિલરાજ પેન ઇંડસ્ટ્રી -મલાડ (વેસ્ટ)
હિતેશ રસીકલાલ શાહ-કલ્યાણ (વેસ્ટ)
સંજીવ નગીનદાસ શેઠ -ચેંબુર
રાજેશ પ્રેમચંદ દોશી-ડોંબીવલી (ઇસ્ટ)
પિયુષ ચંપકલાલ શાહ-બોરીવલી (ઇસ્ટ)
કિર્તીકુમાર રતીલાલ ચીકાણી -વિલેપાર્લા (વેસ્ટ)
કાર્તીક ધીરજલાલ શાહ-સાયન (વેસ્ટ)
અરવીંદ હરજીવનદાસ શાહ -સાયન (વેસ્ટ)
રાજ કેતન શાહ -સાયન (વેસ્ટ)
ઉપેન્દ્ર પી. દોશી-સાયન (વેસ્ટ)
અતુલ વસંતલાલ મહેતા-ઘાટકોપર (ઇસ્ટ)
અરવીંદ ગીરધરલાલ કુવાડીયા -વસઇ (વેસ્ટ)
ઉત્તમચંદ ભીખાલાલ મેહતા-બોરીવલી (ઇસ્ટ)
ધર્મેશ જીતેન્દ્રભાઈ સંઘવી-ભાયંદર (વેસ્ટ)
ચંદ્રકાંત અમુલખ મહેતા-બોરીવલી (ઇસ્ટ)
સુમન ચીમલાલ શાહ -પવઈ
શ્રેણીક સુર્યકાંત શાહ -ગોરેગાંવ (વેસ્ટ)
ચંદુલાલ તલકશી સંઘવી-ઘાટકોપર (ઈસ્ટ)
નવીનચંદ્ર કાંતીલાલ શાહ-અંધેરી (વેસ્ટ)
બકુલ જયંતીલાલ બગડીયા-બોરીવલી (વેસ્ટ)
ઉમેશ પી. વોરા -સાયન (વેસ્ટ)
શીરીષ નવનીતલાલ શાહ -સાયન (વેસ્ટ)
હિતેશ વૃજલાલ શાહ -સાયન (વેસ્ટ)
અરૂણ રમણીકલાલ શાહ -સાયન (વેસ્ટ)
રજનીકાંત નવનીતલાલ શાહ -સાયન (વેસ્ટ)
સુરેશ કેશવલાલ શાહ -સાયન (વેસ્ટ)
વિપુલ ભોગીલાલ શાહ -સાયન (વેસ્ટ)
મુકેશ હીંમતલાલ કુવાડીયા -સાયન (વેસ્ટ)
કલાપી શાંતિલાલ શાહ-બોરીવલી (વેસ્ટ)

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

# તપસ્વી બહુમાન-કેળવણી પારીતોષીક-ધાર્મિક શિક્ષણ કાર્યક્રમ યોજાયો

શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ તરફથી વર્ષ દરમ્યાન સમાજ હિતાર્થે ઘણા બધા કાર્યક્રમો - પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવે છે. ખાસ કરીને દર વરસે તપસ્વી બહુમાન, ધાર્મિક - કેળવણી શૈક્ષણીક પારીતોષિક બહુમાન કાર્યક્રમનું નિશ્ચિત પણે આયોજન કરીને સભ્ય પરિવારજનોને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ વર્ષે પણ આપણા સંઘનાં સભ્ય પરિવારજનોમાં તપસ્વીઓનાં બહુમાન તેમજ ધાર્મિક શિક્ષણમાં ઉત્તીર્ણ થયેલઓનું પારીતોષિક બહુમાનનો અને કેળવણીમાં ઉચ્ચ ગુણાંક મેળવેલ તેજસ્વી તારલાઓનાં શૈક્ષણીક પારીતોષિક બહુમાનનો કાર્યક્રમ તા. ૨૭-૯-૨૦૨૬ રવિવારનાં રોજ સવારે ૯:૩૦ કલાકથી દામોદરવાડી કાંદિવલી પૂર્વ, મુંબઈ ખાતે યોજવામાં આવ્યો હતો.

ઉપરોક્ત કાર્યક્રમ સાથે વિશેષરૂપે આપણા સમાજનાં મલાડ સ્થિત યુવા મુમુક્ષ દિક્ષાર્થી શ્રી પ્રિતેશભાઈ સુરેશચંદ્ર શાહનું શ્રી સંઘ તરફથી બહુમાન કરી સન્માન પત્ર અર્પણ ૯ કરવામાં આવેલ. તેમજ શૈત્રુંજય તીર્થની પાલીતાણાની પાવનભૂમિ ઉપર આવેલ આપણા શ્રી સંઘનાં શ્રી આદિનાથ રત્નત્રય આરાધના પરિસર સ્થિત શ્રી આદિનાથ રત્નત્રય જિનપ્રાસાદ જિનાલયનાં શિખરનાં ધ્વજારોહણનો આદેશ પણ આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં પધારેલ સૌએ સવારનાં બ્રેકફાસ્ટને માણીને દામોદરવાડીનાં પહેલા માળે એસી હોલમાં યોજવામાં આવેલ કાર્યક્રમ માણવા પોતાની બેઠક ગ્રહણ કરેલ. શ્રી ભવ્ય શાહ અને સાથી કલાકારોનાં ગીત સંગીતના ભક્તિભાવનો કાર્યક્રમ સૌએ માણેલ. તેમજ શ્રી સ્નેહભાઈ શાહે ધર્મ તપનો મહિમા તેમનાં વક્તવ્યમાં ખૂબ જ સારી શૈલીથી સમજાવવા સાથે જીવનમાં ધ્વજારોહણનાં મહત્વ તેઓએ સમજાવેલ. સમગ્ર કાર્યક્રમનાં સંચાલક સંઘ મંત્રી શ્રી ગીરીશભાઈ કે. શાહે સૌને આવકાર આપવા સાથે સ્ટેજ કાર્યક્રમ માટે ચેરમેન એપેક્ષ સમાજરત્ન શ્રી દિલીપભાઈ કે. શાહ, સંઘ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ સી. શાહ, સમાજરત્ન શ્રી ચીનુભાઈ એચ. શાહ, સમાજગૌરવ શ્રૌ અરવિંદભાઈ કે. શાહ, શ્રી વિનોદભાઈ ટી. શાહ, શ્રી શારદાબેન કિશોરભાઈ શાહ, શ્રી કમલેશભાઈ એમ. પારેખ, શ્રી પ્રવિણચંદ્ર સી. શાહને સ્ટેજ ઉપર પધારવા વિનંતી કરવા સાથે તેઓને આવકાર આપવામાં આવેલ.

સંઘ પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ શાહે સૌનું સ્વાગત કરવા સાથે પોતાના વક્તવ્યમાં તપસ્વીઓના તપની અનુમોદના કરેલ. તેમજ ધર્મ, સંસ્કાર અને સંસ્કૃતિ વિશે જણાવેલ. તપસ્વીઓનાં સંયમ, ધાર્મિક શિક્ષણનાં સંસ્કારો, કેળવણી શિક્ષણની જ્ઞાન સાથે પ્રગતિ સાંધવા ઉપર તેઓએ પ્રકાશ પાડેલ. સમાજરત્ન શ્રી દિલીપભાઈ શાહે તપ કરેલ તપસ્વીઓનાં તપની અનુમોદના કરેલ. ધાર્મિક અને કેળવણીનાં તેજસ્વી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સૌને ઉચ્ચ કક્ષાનાં કાર્ય કરવા સાથે પ્રગતિ સાંધી જૈન સમાજમાં ઝાલાવાડ જૈન સમાજ એક વિશિષ્ઠ ઉદાહરણ રૂપ આગવી ઓળખ બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવેલ.

આ પ્રસંગે પધારેલ કાંદિવલીનાં એમ.એલ.એ શ્રી અતુલભાઈ ભાતખળકરજીનું તિલક, મોતીની માળા, શાલથી ઉમદા બહુમાન કરવામાં આવેલ. શ્રી કિરીટભાઈ દેશાઈ તથા સંઘ ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ શાહે હંમેશા શ્રી અતુલભાઈ ભાતખળકરજી તરફથી મળતા સાથ, સહકાર અંગે જણાવેલ. શ્રી અતુલજીએ જૈન સમાજની વાતો કરવા સાથે શુભેચ્છાઓ પાઠવેલ. તપસ્વીઓનાં સત્કારના કાર્યક્રમને એક મોટા મહત્વનાં કાર્યક્રમ તરીકે મુલવીને આદર વ્યકત કરેલ. તેઓએ તેજસ્વી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ સાથે તેમના ભવિષ્ય માટે શુભકામના પાઠવેલ. કાંદિવલીનાં નગરસેવક શ્રી સચીનભાઈ પાટીલ પણ ઉપસ્થિત રહેનાર હતા પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે તેઓ આવી શકેલ નહિ.

આપણા સંઘ પરિવારનાં, વિંછીયાનાં વતની હાલ મલાડ સ્થિત દિક્ષાર્થી શ્રી પ્રિતેશભાઈ સુરેશચંદ્ર શાહ તેમનાં રત્નકુક્ષી માતા વસુમતીબેન સાથે ઉમંગ ઉલ્લાસ અને ઉમદા ભાવો સાથે આ પ્રસંગે પધાર્યા હતા. સંસાર છોડીને સંયમ માર્ગે પ્રયાણ કરનાર ૩૨ વર્ષનાં પ્રિતેશભાઈનું ખૂબ જ સુંદર સ્વાગત કરવામાં આવેલ. દિક્ષાર્થી શ્રી પ્રિતેશભાઈ સોમવાર



તા. ૧૫-૨-૨૦૨૭ મહા સુદ ૯ નાં રોજ ભગવતી પ્રવજયા ગ્રહણ કરશે. દિક્ષાર્થી શ્રી પ્રિતેશભાઈનું તિલક, મોતીની માળા, શાલથી શ્રી સંઘનાં શ્રેષ્ઠીઓનાં વરદ હસ્તે ઉમદા બહુમાન કરવામાં આવેલ. અત્રે તેઓશ્રીને શ્રી ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ તરફથી પ્રવજયા સન્માન પત્ર અર્પણ કરી ઉત્કૃષ્ટ સન્માન કરવામાં આવેલ. દિક્ષાર્થીનાં રત્નકુક્ષી માતા શ્રી વસુમતીબેનનું પણ ઉમદા સન્માન કરવામાં આવેલ. દિક્ષાર્થી શ્રી પ્રિતેશભાઈએ તેમના જીવનમાં સંયમ ઉદયમાં આવ્યાની વાત કરેલ. તેમણે સમાજની મહત્તા જણાવેલ. કોઈપણ સંઘની, સમાજની, ગુરૂ ભગવંતોની માત્ર નિસ્વાર્થ ભાવે સેવા કરશો તો તેનું ફળ ચોક્કસ મળશે તેમ જણાવેલ. તેઓએ વડિલોનાં, સકળ સંઘનાં અંતરનાં આર્શીવાદ તેમને આપવા વિનંતી કરેલ.

આજના આ કાર્યક્રમનાં કાયમી લાભાર્થી પરિવારનાં દાતાશ્રીઓના બહુમાન કરવા માટે અત્રે કાર્યક્રમમાં પધારેલા દાતાશ્રીઓમાં તપસ્વી બહુમાનનાં કાયમી સહાયક દાતા શ્રી શારદાબેન કિશોરભાઈ શાહનું તિલક, મોતીની માળા, શાલથી ઉમદા બહુમાન કરવામાં આવેલ. તથા ભોજન સમારંભનાં કાયમી સહાયક દાતા માતુશ્રી ચંદનબેન અરવિંદભાઈ કાંતિલાલ શાહ પરિવારોમાં શ્રી અરવિંદભાઈ તથા શ્રી કેતનભાઈનું તિલક, મોતીની માળા, શાલથી ઉમદા બહુમાન કરવામાં આવેલ. તથા કેળવણી સહાય યોજનાનાં સહાયક દાતા શ્રી મંજુલાબેન પ્રવિણચંદ્ર ચંદુલાલ શાહ પરિવારમાં શ્રી મંજુલાબેન તથા શ્રી પ્રવિણભાઈનું તિલક, મોતીની માળા, શાલથી ઉમદા બહુમાન કરવામાં આવેલ. ધાર્મિક શિક્ષણનાં પ્રેરક દાતા માતુશ્રી હિરાબેન મહાસુખલાલ પારેખ પરિવારનાં શ્રી કમલેશભાઈ તથા શ્રીમતી સુનીલાબેનનું તિલક, મોતીની માળા, શાલથી ઉમદા બહુમાન કરવામાં આવેલ.

તપશ્ચર્યા કરનારા દરેક તપસ્વી રત્નોનું બહુમાન દાતાશ્રીઓ, શ્રેષ્ઠીશ્રીઓનાં વરદ હસ્તે કરી તપની અનુમોદના કરવામાં આવેલ. તેમજ ધાર્મિક શિક્ષણ અને કેળવણી શિક્ષણનાં તેજસ્વી તારલાઓનું બહુમાન દાતાશ્રીઓ, શ્રેષ્ઠીશ્રીઓનાં વરદ હસ્તે કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ. કાર્યક્રમનાં સમાપન બાદ યોજવામાં આવેલ ભોજન સમારંભનાં સ્વાદિષ્ટ ભોજનની સૌએ લહેજત માણેલ.

**શ્રી આદિનાથ રત્નત્રય જિન પ્રાસાદની સાલગીરી જિનાલયનાં ત્રણેય શિખરોની ધ્વજારોહણનો આદેશ**

શત્રુંજય તીર્થની પાવનકારી પાલીતાણાની ભૂમિ ઉપર આવેલ આપણા સંઘનાં શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ (યાત્રિક ભવન) સાલગીરી તેમજ આ પરિસર સ્થિત શ્રી આદિનાથ રત્નત્રય જિન પ્રાસાદની સાલગીરી પ્રસંગે ત્રણેય શિખરોની ધ્વજારોહણનો આગામી ત્રણ વર્ષ માટેનો આદેશ આપવા માટેની બોલીની શરૂઆત આ કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવેલ. આ ઉત્તમ લાભ લેવા ખૂબ જ ઉંચા ચડિયાતા ભાવો સાથે સૌ ચડાવો બોલી રહયાં હતા. લીંબડી નિવાસી હાલ વિલેપારલે સ્થિત શ્રીમતી વર્ષાબેન કુમારભાઈ નગીનદાસ શાહે રૂપિયા ૨૭ લાખ, ૫૪ હજારની માતબર રકમમાં ચડાવવો બોલીને આગામી ત્રણ વર્ષનો ધ્વજારોહણનો ઉત્તમ લાભ લીધેલ હતો. શ્રી કુમારભાઈ શાહનું તિલક, મોતીની માળા, શાલથી ઉમદા બહુમાન કરવામાં આવેલ.

**શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ (યાત્રિક ભવન) ખાતે ૨૦૮૩નાં ચૈત્ર માસની ઓળી કરાવવાનો આદેશ**

શત્રુંજય તીર્થની પાવનકારી પાલીતાણાની ભૂમિ ઉપર આવેલ આપણા સંઘનાં શ્રી આદિનાથ રત્નત્રય આરાધના ધામ (યાત્રિક ભવન)માં આવતા વર્ષ ૨૦૮૩નાં ચૈત્ર માસની ઓળી કરાવવાનો આદેશ આ કાર્યક્રમ દરમ્યાન આપવાની ભાવના દર્શાવવામાં આવેલ. ચડતા ભાવો સાથે ચડાવો બોલીને રૂપિયા ૭ લાખ ૨ હજારમાં સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહે ચડાવો બોલીને ઉત્તમ લાભ લીધેલ હતો. લાભાર્થી સમાજરત્ન શ્રી ચીનુભાઈ શાહનું તિલક, મોતીની માળા, શાલથી ઉમદા બહુમાન કરવામાં આવેલ.

# ઝાલાવાડ જૈન સગપણ સેતુ

**અભૂતપૂર્વ પ્રતિસાદ બદલ આભાર : ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં ૧૮૦ થી વધારે ઉમેદવારો નોંધાયા**

મુંબઈના વિભિન્ન જૈન સમાજમાં ૧૧૫ વર્ષના વટવૃક્ષ સમા - ઝાલાવાડ સમાજનું અનેક વિવિધ સેવાકીય પ્રવૃત્તીથી એક આગવું સ્થાન છે. તે માટે પુરોગામીઓએ જે પગદંડી દોરી હતી. સમાજનું જે રીતે ઘડતર નિઃસ્વાર્થ ભાવે કર્યુ હતું. સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ અને વિચારશીલ પ્રબુધ્ધ અગ્રગણ્યોએ શ્રી સંઘને ઉચ્ચ સ્થાને લઈ જવામાં યોગદાન આપેલ છે. વિકાસના કાર્યોને નજર સમક્ષ રાખી પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના નેતૃત્વ વિકાસ યાત્રાને છેલ્લા વર્ષોમાં સૌથી પ્રબળ ઝડપનો વેગ મળ્યો છે.

વેવિશાળના વિકટ પ્રશ્નને વર્તમાન સંજોગોમાં હલ કરવા માટે કોઈકે તો પ્રયત્નો કરવા જ રહ્યા. સમાજમાં શિક્ષણ વધ્યું છે. દિકરા-દિકરીની પસંદગીના ધોરણો બદલાયા છે. આજનાં યુવક-યુવતી દરેક રીતે સમકક્ષ બન્યા છે. પસંદગી માટેના અને માપદંડો બદલાયા છે. આપણી રહેણીકરણી - જીવન જીવવાની રીતરસમો બદલાયા છે. સમાજમાં મોભીઓની અછત વર્તાય છે. જે મોભીઓ છે તેઓ પણ સમયાનુસાર આ પ્રશ્નમાં સહાયભૂત થવા ખચકાટ અનુભવી રહ્યા છે. આવા સક્રાંતિ કાળમાં સમાજને ભગવાન ભરોસે ન છોડાય. સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની ફરજ સમજીને હાલના ટેક્નોલોજી અને કોમ્પ્યુટર યુગમાં શરૂઆત ગત જુલાઈ ૨૦૨૪માં કરેલ છે. સફળતા પછી આવું સમય - સંજોગોને અનુરૂપ નવુ સાહસ કરવું જ જોઈએ. તેવી ભાવના પ્રબળ બની છે. પ્રમુખશ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રી અને કારોબારી કમીટીએ સમાજના વડીલોએ અમારી ભાવનાને સફળ બનાવવા પ્રોત્સાહજનક આજ સુધી પ્રતિસાદ આપ્યો છે. ઝાલાવાડી સમાજ ધીરે ધીરે શ્રી સંઘના આ પ્રયાસની સાથે કદમથી કદમ મિલાવી ચાલશે. એની સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે આગળ વધી રહ્યા છીએ. સમાજના પ્રશ્નો હલ કરવાની આપણી સહિયારી જવાબદારી છે.

યુવક-યુવતી પરિચય મિલનનું પાંચ વખત શ્રી સંઘ દ્વારા આયોજન કર્યું છે. તેમજ યુવક-યુવતી પરિચય પુસ્તીકા ત્રણ વખત પ્રકાશીત કરેલ છે. જે સમાજના પરિવારોને ઉપયોગી થયેલ છે. જેના થકી ઘણા એ પ્રભુતા પગલા પાડેલ છે. લગ્ન થયેલ છે. આપ સૌની પ્રબળ પ્રેરણા - ઉત્તમ સહયોગ - અવર્ણનીય સાથ સહકારથી પ્રોત્સાહિત થઈ અમોએ યુવક-યુવતી પરિચય માટે ઝાલાવાડ જૈન સગપણ સેતુ અષાઢી બીજ ને રવીવાર તા.૧૩-૭-૨૦૨૪ થી મંગલ શુભારંભ કરેલ છે. નોંધાયેલ ઉમેદવારો વોટસઅપ થી જોઈ શકશે.

(૧૧) ગ્રેજ્યુએટ, અંડર ગ્રેજ્યુએટ, પ્રોફેશનલ - મંગળ - શની અને વિદેશ જવા ઈચ્છતા હશે તે નોંધાવી શકશે.

માહિતી સંપર્ક : **મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ સમય : ૧૧.૩૦ થી ૫.૩૦**

નોંધણી માટે સંપર્ક : **મો.: ૯૮૧૯૩૪૨૮૧૮ સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦**

**અગત્યની સૂચના**

ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘના પરા મંડળો, મહિલા મંડળો તેમજ યુવા મંડળોના પદાધિકારીઓ વિનંતી સહ ખાસ જણાવવાનું કે આપશ્રીના મંડળોના માસિક અહેવાલો, સમાચાર મોડામાં મોડા દર મહિનાની ૨૫ તારીખ સુધીમાં અંધેરી ઓફિસ - ઈસ્ટ ખાતે ૧૧.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધીમાં મોકલી આપવા. જે સદર મંડળોનાં છાપેલા લેટરહેડ ઉપર લખનાર વ્યક્તિના નામ, મોબાઈલ નંબર અને સહી કરેલ હોવા જરૂરી છે. સદર વ્યવસ્થા હવે પછીથી કાયમી અમલમાં રહેશે તો આ બાબત આપ સર્વના સહકારની અપેક્ષા. સગપણ બાયોડેટા તથા શ્રધ્ધાંજલીની વિગત મોકલતી વખતે ઓપન ફાઈલ ઈમેઈલથી મોકલવાની રહેશે.

લિ. તંત્રી

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**
**વાંચકોને નમ્ર વિનંતી**

આપના પરિવારમાં આવતા સારા પ્રસંગો જેવા કે સગપણ-લગ્ન, દિકરી-દિકરાનો જન્મ, મેરેજ, કે બર્થડે વગેરે તેમજ માઠા પ્રસંગો માતા-પિતાના અરિહંત શરણ, વડીલોની પુણ્યતિથી કે કુટુંબના સભ્યના અરિહંત શરણ પ્રસંગે શ્રી સંઘના નીચેના વિભાગોમાં યથાશક્તિ યોગદાન આપી તેના વિકાસમાં સહભાગી બનો જેથી સમાજની વિવિધ કાર્યરત પ્રવૃત્તીઓ વધુ મજબૂત અને સશક્ત બને.

**કાર્યરત વિભાગો : ❖ સાધર્મિક ભક્તિ ❖ કેળવણી સહાય ❖ સમૂહલગ્ન ❖ તપસ્વી બહુમાન ❖ પત્રિકા ભેટ ❖ યાત્રિકભવન નિભાવ ફંડ ❖ પત્રિકા ભેટ**

ઉપરોક્ત દરેક વિભાગોની પ્રવૃત્તીઓ નિયમિતરૂપે ચાલે છે. છેલ્લા થોડા વર્ષોમાં ભાવ વધારાને લીધે અને ખર્ચમાં અનેકગણો વધારો થયેલ છે. આ માટે શ્રી સંઘના વિવિધ ખર્ચાઓને પહોંચી વળવા આપશ્રી યોગદાન કરશો. તેવી આશા રાખીએ છીએ.

આભાર સહ - તંત્રી

## જન્મદિવસની શુભેચ્છા

### તા.૨૧-૧૦-૨૦૨૬ થી ૨૦-૧૧-૨૦૨૬



ધીરૂભાઈ
રતીલાલ
સંઘવી
૩૦-૧૦
૯૮૨૧૦૨૧૬૮૮



અતુલભાઈ
રમણીકલાલ
પરીખ
૦૨-૧૧
૯૮૨૦૦૨૬૯૩૩



સંજયભાઈ
મુળચંદ
શાહ
૦૪-૧૧
૯૮૨૦૩૮૭૬૭૮



જીતેન્દ્ર
ગોવનજી
શાહ
૦૫-૧૧
૯૮૨૦૨૭૧૯૨૫



જયેશ
હર્ષદરાય
ગાંધી
૦૬-૧૧
૯૩૨૪૩૮૧૯૮૫



દિપેન
પ્રવિણચંદ્ર
શાહ
૦૭-૧૧
૯૮૨૦૦૮૨૮૭૮



કેતનભાઈ
કનૈયાલાલ
શાહ
૧૦-૧૧
૯૮૧૯૯૧૭૨૬૪



પ્રફુલભાઈ
લક્ષ્મીચંદ
સલોત
૧૧-૧૧
૯૮૩૩૦૫૯૦૪૪



અશ્વીનભાઈ
રસીકલાલ
શાહ
૧૬-૧૧
૯૮૨૦૮૪૦૫૧૮



શ્રી શૈલેષભાઈ
ત્રિભોવનદાસ
શાહ
૧૦-૧૦
૯૩૨૪૬૨૦૩૪૯



શારદાબેન
કિશોરભાઈ
શાહ
૨૮-૧૦
૯૩૨૩૩૧૦૬૯૦

## તેજસ્વી તારલા



**સંયમ મીતેજ બારભાયા**
**H.S.C. 86.40%**
બગડ-દહીંસર

## લગ્નદિવસની શુભેચ્છા



શ્રીમતી સુનિલા
કમલેશભાઈ
પારેખ
૦૨-૧૧
૯૮૨૦૮૮૯૪૫૧

**સમાજ સેવા કરવી આપણી નૈતીક ફરજ છે.**

## લગ્નદિવસની શુભેચ્છા



શ્રીમતી સોનલબેન
શૈલેષભાઈ
શાહ
૧૮-૧૦
૯૩૨૪૬૨૦૩૪૯

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ - મુંબઈ આયોજીત
## તપસ્વી બહુમાન, વિદ્યાર્થી પારીતોષીક અને ધ્વજારોહણઉછામણી માં સમાજ શ્રેષ્ઠીઓ, દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારો, કમિટી સભ્યો અને આમંત્રીત મહેમાનોની તસ્વીરી ઝલક



આગામી ત્રણ વર્ષના ધ્વજારોહણ લાભાર્થી શ્રી કુમારભાઈ શાહ નું બહુમાન



તપસ્વી બહુમાન ના સહાયક દાતા માતુશ્રી શારદાબેન કિશોરભાઈ શાહ નું બહુમાન



મુમુક્ષુ શ્રી પ્રિતેશભાઈ નું બહુમાન કરતા સમાજ અગ્રગણ્યો, હોદેદારો, કમિટિ સભ્યો



મુમુક્ષુ શ્રી પ્રિતેશભાઈ ને સન્માન પત્ર અપર્ણ કરતા પ્રમુખશ્રી, ચેરમેન એપેક્ષ, ટ્રસ્ટીશ્રીઓ અને હોદેદારો

# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ - મુંબઈ આયોજીત
# તપસ્વી બહુમાન, વિદ્યાર્થી પારીતોષીક અને ધ્વજારોહણઉછામણી માં સમાજ શ્રેષ્ઠીઓ, દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારો, કમિટી સભ્યો અને આમંત્રીત મહેમાનોની તસ્વીરી ઝલક
















# શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ - મુંબઈ આયોજીત
## તપસ્વી બહુમાન, વિદ્યાર્થી પારીતોષીક અને ધ્વજારોહણઉછામણી માં સમાજ શ્રેષ્ઠીઓ, દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારો, કમિટી સભ્યો અને આમંત્રીત મહેમાનોની તસ્વીરી ઝલક

















## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ - મુંબઈ આયોજીત
## તપસ્વી બહુમાન, વિદ્યાર્થી પારીતોષીક અને ધ્વજારોહણઉછામણી માં સમાજ શ્રેષ્ઠીઓ, દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારો, કમિટી સભ્યો અને આમંત્રીત મહેમાનોની તસ્વીરી ઝલક
















# ઝાલાવાડ ના તપસ્વી રત્નો

શૈલેષભાઈ કેશવલાલ ગાંધી
૪૫ ઉપવાસ


ધ્વનિબેન ચિરાગભાઈ દેસાઈ
૩૬ ઉપવાસ
મલાડ - ઈસ્ટ


જ્યોતિબેન ભુપેન્દ્રભાઈ બાવીસી
૩૧ ઉપવાસ
વિલેપાર્લા - ઈસ્ટ


મૈગી આર નારીચાનીયા
૩૦ ઉપવાસ
મુલુંડ - વેસ્ટ


મીનાબેન જયેશભાઈ શાહ
૩૦ ઉપવાસ
મુલુંડ - વેસ્ટ


પૂજાબેન પારસભાઈ શાહ
૩૦ ઉપવાસ
મુલુંડ - વેસ્ટ


પારસભાઈ મહેન્દ્રભાઈ શાહ
૩૦ ઉપવાસ
મુલુંડ - વેસ્ટ


બિપીન રતનશી શાહ
૩૦ ઉપવાસ
મુલુંડ - વેસ્ટ


શ્વેતાબેન રાજેન્દ્ર શાહ
૨૧ ઉપવાસ
મુલુંડ - વેસ્ટ


ધૂન જીગ્નેશભાઈ શાહ
૧૬ ઉપવાસ
મલાડ - વેસ્ટ


ધ્વનિ હિતેશ સંઘવી
૧૬ ઉપવાસ
મીરા રોડ - ઈસ્ટ

ૠષભ પંકજ શાહ
૨૪ ઉપવાસ
ઘાટકોપર - વેસ્ટ


દ્રષ્ટિ રાકેશ શાહ
૧૬ ઉપવાસ
ભાયંદર - વેસ્ટ


ખ્યાતિ વિજય બગડીયા
૧૬ ઉપવાસ
બોરીવલી - વેસ્ટ


ઉપવન તેજસ પાટડીયા
૧૬ ઉપવાસ

શ્વેતા સાગર દોશી
૧૬ ઉપવાસ
કાંદિવલી - ઈસ્ટ


સોનલ વિપુલ શાહ
૧૬ ઉપવાસ
કાંદિવલી - ઈસ્ટ


ચેતનભાઈ હિંમતલાલ ગાંધી
૧૬ ઉપવાસ
કાંદિવલી - વેસ્ટ


ચાર્મી જીમાદે શાહ
૧૬ ઉપવાસ
ચુનાભટ્ટી - ઈસ્ટ

# ઝાલાવાડ ના સિદ્ધીતપ ના તપસ્વી રત્નો


ભાવિના વિરલ દોશી
દહિસર વેસ્ટ


વિરાલી તેજસ દોશી
દહિસર વેસ્ટ


કૃતિ પરેશભાઈ શેઠ
બોરીવલી ઈસ્ટ


કીહા હર્ષલ શાહ
દહિસર વેસ્ટ


ઝરણા વિપુલ ઝવેરી
બોરીવલી ઈસ્ટ


અલ્પના જાગૃત ઝવેરી
બોરીવલી વેસ્ટ


હિમાંશુ સેવંતીલાલ ઝવેરી
બોરીવલી વેસ્ટ


રનિક હિમાંશુ ઝવેરી
બોરીવલી વેસ્ટ


જિજ્ઞા મેહુલ બગડીયા
ભાયંદર વેસ્ટ


પરાગ સુબોધચંદ્ર કુવાડીયા
બોરીવલી વેસ્ટ


સ્વીટી હિતેશ માથુકિયા
ભાયંદર વેસ્ટ

નિતેશ ચંદુલાલ કોઠારી
બોરીવલી વેસ્ટ


ભદ્રાબેન નિતેશ કોઠારી
બોરીવલી વેસ્ટ


રૂપલ રાજેન્દ્ર શાહ
કાંદિવલી વેસ્ટ

નીલમ ભાવીક શાહ
બોરીવલી વેસ્ટ


આયુષી ભાવીક શાહ
બોરીવલી વેસ્ટ


નિલેશ શાંતિલાલ શાહ
કાંદિવલી વેસ્ટ

અમિતા નિલેશ શાહ
કાંદિવલી વેસ્ટ

રિશિતા નિલેશ શાહ
કાંદિવલી વેસ્ટ


બિના પ્રવીણચંદ્ર શાહ
દહિસર વેસ્ટ

# ઝાલાવાડ ના સિદ્ધીતપ ના તપસ્વી રત્નો


હિતાંશ જીગ્નેશ શાહ
ભાયંદર વેસ્ટ


જીનલ પાર્થભાઈ શાહ
કાંદિવલી વેસ્ટ


હર્ષ હમેન્દ્ર બારભાયા
બોરીવલી વેસ્ટ


માનસી હાર્દિક શાહ
પરેલ ઈસ્ટ


મોના અંકિત મઠીયા
મલાડ ઈસ્ટ


અપૂર્વ બીપીન દોશી
બોરીવલી વેસ્ટ


રાજીવ પ્રવીણભાઈ બાવીસી
બોરીવલી વેસ્ટ


રોનકબેન રાજીવ બાવીસી
બોરીવલી વેસ્ટ


તીર્થ અંકિત શાહ (ઉ.વ.૭)
૮ ઉપવાસ
મલાડ વેસ્ટ

શ્રી ચંદ્રપ્રભુસ્વામી નમઃ કષ્ટ હણનાર શ્રી નાંણદેવીમાતાય નમો નમઃ શ્રી સંભવનાથાય નમઃ

||શ્રી શાંતિનાથાય નમઃ||
||નમો નમઃ શ્રી ગુરુનીતિ સુરયે||
ગિરનાર તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય નીતિસૂરીશ્વરજી મ.સા.ના

**150 માં અવતરણ વર્ષ નિમિત્તે**

**અમદાવાદ - સુરત - નવસારીમાં સૌ પ્રથમ વખત**

## "શ્રી હેમ-લલિત નું ભાથું"

(વયોવૃધ્ધ સાધર્મિક માટે નિઃશુલ્ક ટિફિન યોજના)




વયોવૃધ્ધ માટે નિઃશુલ્ક ટિફિન યોજના
:: આશીર્વાદ દાતા ::







આસો સુદ-૧૪, રવિવાર
**25/10/2026**

**સ્વ. જશવંતભાઇ રમણભાઇ કુવાડિયાની**
**પ્રથમ પુણ્યતિથિ નિમિતે**

પ્રેરણારૂપ સમા વડીલ

પરિશ્રમ જેનું કર્તવ્ય હતુ ને ક્ષમા તેમની શક્તિ હતી.
તમારા દિવ્ય આત્માને પ્રભુ મોક્ષ સુખ આપે.
આપનો પ્રવિત્ર આત્મા અરિહંત પદ પામે,
એવી પભુને અમારી પ્રાર્થના.

:: જય - જિનેન્દ્ર ::
જન્મ-દાતાઃ સ્વ.શાંતાબેન ર. શાહ (કુવાડિયા) સ્વ. રમણલાલ છગનલાલ શાહ (કુવાડિયા)
પ્રભુ-ભેટ સુપુત્રી : ચિ સિધ્ધિબેન જશવંત શાહ

સદ્ગતના આત્મશ્રેયાર્થે સાધર્મિક : ૫૦૦, જીવદયા :૫૦૦ કેળવણી : ૫૦૦, પત્રિકા : ૫૦૦ શ્રી સંઘને ભેટ આપેલ છે.

## શ્રી મુલુંડ ઝાલાવાડ મંડળના ટ્રસ્ટી વ્યકતી વિશેષ પ્રતીભા

# શ્રીમાન બટુકભાઈ પોપટલાલ શાહ



